**પ્રો. જે.સી. પટેલ (અધ્યક્ષશ્રી, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ)સભ્યશ્રી, ગીર, બરડા અને આલેચના જંગલોના નેસ વિસ્તારમાં રહેતા રબારી, ભરવાડ અને ચારણ (માલધારી) જાતિના તા. ૨૯/૧૦/૧૯૫૬ ની સ્થિતિએ વસવાટ કરતા કુટુંબો અને તેમના વારસદારો નક્કી કરવા બાબતની કમિટીના સભ્યશ્રીની સીટીંગ ફી નક્કી કરવા બાબત.**

**ગુજરાત સરકાર**

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક :અજપ/૧૦૨૦૦૮/૬૭૧/ચ(પાર્ટ ફાઇલ)

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:૧૨/૧૦/૨૦૨૦

**વંચાણે લીધા :-**

૧) વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૪/૦૮/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક

૨) પ્રો.જે.સી.પટેલ અધ્યક્ષશ્રી, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદનું તા.૨૭/૦૭/૨૦૨૦નું સંમતિપત્રક

**<u>આમુખ:</u>**

ગીર, બરડા અને આલેચના જંગલોના નેસ વિસ્તારમાં રહેતા રબારી,ભરવાડ અને ચારણ(માલધારી)જાતિના તા.૨૯/૧૦/૧૯૫૬ની સ્થિતિએ વસવાટ કરતા કુટુંબો અને તેમના વારસદારો નક્કી કરવા અંગેની બાબતે સરકારને કેટલીક રજૂઆતો વિવિધ મંડળો, સંસ્થાઓ, નાગરિકો વગેરે દ્વારા મળેલ આ રજૂઆતો અંગે સરકારમાં વિવિધ કક્ષાએ બેઠકો થયેલ. તદનુસાર, પ્રસ્તુત બાબતે લાંબાગાળાના હકારાત્મક નિરાકરણ બાબત લક્ષમાં લઈ, વિધાયક પરિણામ આવે તે હેતુથી વંચાણે લીધેલ ઉક્ત ક્રમાંક:૧ હેઠળના ઠરાવથી એક કમિટીની રચના કરવામાં આવેલ છે.

**પ્રો. જે.સી. પટેલ (અધ્યક્ષશ્રી, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ)સભ્યશ્રી, ગીર, બરડા અને આલેચના જંગલોના નેસ વિસ્તારમાં રહેતા રબારી, ભરવાડ અને ચારણ (માલધારી) જાતિના તા. ૨૯/૧૦/૧૯૫૬ ની સ્થિતિએ વસવાટ કરતા કુટુંબો અને તેમના વારસદારો નક્કી કરવા બાબતની કમિટીના સભ્ય તરીકે મળવાપાત્ર થતા માનદવેતન અંગેની શરતો અને બોલીઓ નક્કી કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.**

**<u>ઠરાવ:</u>**

સક્રિય વિચારણાને અંતે ગીર , બરડા અને આલેચના જંગલોના નેસ વિસ્તારોમાં રહેતા રબારી, ભરવાડ અને ચારણ ( માલધારી ) જાતિના તારીખ ૨૯/૧૦/૧૯૫૬ ની સ્થિતિએ વસવાટ કરતા કુટુંબો અને તેમના વારસદારો નક્કી કરવા ઉક્ત સંદર્ભ (૧)થી રચાયેલ કમિટીમાં **પ્રો. જે.સી. પટેલ (અધ્યક્ષશ્રી,**

**સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ)**ની કમિટીના સભ્ય તરીકેની જગા ધારણ કરે ત્યાં સુધી તેઓને કમિટીની બેઠકમાં હાજરી આપવા બદલ બેઠક દીઠ રૂ.૧૫૦૦/-અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા સીટીંગ ફી ચૂકવવાનું આથી નિયત કરવામાં આવે છે. આ સિવાય અન્ય કોઇ રકમ કે ભથ્થું ચૂકવવાનું રહેશે નહિ.

"આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૯ આયોજન, મુખ્ય સદર: ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર -૦૨ અનુસૂચિત આદિજાતિનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર- (૨૫) વીકિવાય-૫૩ વહીવટી તંત્રને તમામ કક્ષાએ સક્ષમ બનાવવું બાબત હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે."

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનીષ મોદી)
સરકારના નાયબ સચિવ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રી ના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, (રા.ક.) આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી,બ્લોક નં. ૧, પાંચમો માળ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગો.
- સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- શ્રી ડી.જી.કારીયા, માન. નિવૃત્ત ન્યાયમૂર્તિ , હાઇકોર્ટ, બંગલો નં.૧૨, સર્વોત્તમ નગર, મેમનગર ફાયર સ્ટેશનની સામે, હાટકેશ્વર સોસાયટીની પાછળ, અમદાવાદ-૩૮૦૦૧૪.
  ૨. D-101, Defence Colony, Ground floor, New Delhi-110024.
- શ્રી જે.સી.પટેલ, અધ્યક્ષશ્રી, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગની સર્વે શાખાઓ
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, સચિવાલય, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાઇબલ એજ્યુકેશન સોસાયટી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ , બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત જમીન વિહોણા મજૂરો અને હળપતિ ગૃહ નિર્માણ બોર્ડ, બ્લોક નં.૧૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, બિરસા મુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીની કચેરી, ગાંધીનગર
- નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેક્ટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર